# રાજ્યના ચોમાસું એક્ટિવ થતાં ૯૯ તાલુકામાં વરસાદ

## હવામાન વિભાગની આગાહી સાચી ઠરી : છેલ્લા ૨૪ કલાક દરમિયાન ચાર તાલુકામાં ૮ ઇંચ કરતાં વધારે વરસાદ, ૨૦ તાલુકામાં ૪ ઇંચ કરતાં વધુ વરસાદ

ગાંધીનગર, તા.૧૯

હવામાન વિભાગ દ્વારા વલસાડમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. ત્યારે આજે રવિવારની સવારે વલસાડમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૯૯ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. આ સાથે જ ગુજરાતમાં ચોમાસું ફરીથી એક્ટિવ થયું છે. આ સાથે જ સૌથી વધુ વરસાદ વલસાડ અને વાપીમાં સવા નવ ઈંચ નોંધાયો છે. જ્યારે સુરતના કામરેજ, બારડોલી અને પલસાણામાં ૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. તો આ તરફ સુરત શહેરમાં ૭ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

સુરતના વલસાડ અને મહુવા તાલુકા અને વાપીના દોલવણ તેમજ નવસારીના જલાલપુરમાં સવા ઈંચ વરસાદ નોંધાયો છે.

દક્ષિણ ગુજરાતના અનેક શહેરોમાં વરસાદ પડ્યો છે. સુરત, વલસાડ, નવસારીમાં વરસાદનું આગમન થતા લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. વરસાદ આવતા જ વાતાવરણમાં બફારો ઓછો થયો છે. સાથે જ સૌરાષ્ટ્રમાં પણ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ચાર તાલુકામાં ૮ ઈંચ કરતાં વધારે વરસાદ નોંધાયો છે. જ્યારે રાજ્યના ૨૦ તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. તો આ તરફ ૩૦ તાલુકામાં ૨ ઈંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો છે. તો રાજ્યના ૪૩ તાલુકામાં ૧ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આજે સવારે ૬ થી ૮ દરમિયાન ૧૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ વલસાડના કપરાડામાં બે કલાકમાં સવા બે ઈંચ વરસાદ વરસ્યો છે.

# ભારે વરસાદને પગલે વલસાડની નદીઓમાં ઘોડાપુરની સ્થિતિ

## વલસાડ જિલ્લામાં ઉપરવાસમાં ભારે વરસાદ : મધુબન ડેમની સપાટી સતત વધી રહી છે જેને લઇને ડેમના ૭ દરવાજાઓ 3 મીટરે ખોલવામાં આવ્યા

વલસાડ, તા.૧૯

વલસાડ જિલ્લામાં વહેલી સવારથી જ ઉપરવાસમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદને કારણે વલસાડની નદીઓમાં ઘોડા પૂરની પરિસ્થિતિ સર્જાય છે. વલસાડની નદીઓની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વલસાડની ઔરંગા નદીની સપાટી ૨.૩૨ મીટર પહોંચી છે તો મધુબન ડેમની સપાટી સતત વધી રહી છે જેને લઈને ડેમના ૭ દરવાજાઓ ૩ મીટરે ખોલવામાં આવ્યા છે.

મધુબન ડેમમાંથી ૭૫,૦૦૦ ક્યુસેક જેટલું પાણી છોડવામાં આવી રહ્યું છે. નદીની સપાટીમાં સતત વધારાને કારણે વહીવટી તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ આપવામાં આવ્યું છે. વહીવટી તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને જો પાણી ભરાઈ તો સલામત સ્થળે ખસી જવા માટે સૂચનો કરવામાં આવ્યા હતા. જિલ્લામાં એનડીઆરએફ ની ટીમને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. એનડીઆરએફ ટીમ દ્વારા તમામ નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લઈ ત્યાંની પરિસ્થિતિને પહોંચી વળવા માટે તમામ પ્રકારની તૈયારીઓ કરી દેવામાં આવી છે સાથે વહીવટી તંત્ર દ્વારા પણ નદીઓની સવારી ઉપર નજર રાખી જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે.

વલસાડ જિલ્લામાં ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદને કારણે વલસાડ જિલ્લાના પારડી તાલુકોમાં આવેલ કોલક નદીમાં પણ પુરની પરિસ્થિતિ જોવા મળી રહી છે. કોલેજ નદી ઉપર આવેલ કોઝવે પાણીમાં ગરકાવ થતા વાહન વ્યવહાર ઠપ થઈ ગયો હતો. અરનાલા અને પાટીને જોડતા કોઝવે પર પાણી ફળી વળતા લોકો અટવાયા હતા. આ કોઝવે ઉપર પાણી ફરી વળતા પાંચથી સાત ગામોના કામદારોને બલ્કેનો સામનો કરવાનો વારો આવ્યો હતો. મોટી સંખ્યામાં કામદારો બ્રિજનો ઉપયોગ કરતા હોય છે.

ત્યારે કોઈ ઉપર પાણી ફરી વળતા કામદાર અટવાયા હતા.

વલસાડ જિલ્લામાં આજે પણ વરસાદી માહોલ જામ્યો છે. ગઈકાલે વલસાડ જિલ્લાને ધમરોળ્યા બાદ મેઘરાજા આજે પણ જિલ્લામાં વરસી રહ્યા છે. જો કે આજે વરસાદનું જોર ઘટયું છે. જિલ્લાના વાપી વલસાડ પારડી, ઉમરગામ અને કપરાડા તાલુકામાં છુટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. જોકે આજે સૌથી વધુ વરસાદ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં નોંધાયો છે. કપરાડામાં ગઈકાલે પણ નોંધાયેલા ભારે વરસાદ અને ગઈ મોડી રાત્રે થયેલા વરસાદને કારણે તાલુકામાંથી પસાર થતા તમામ નદી-નાળાઓ બે કાંઠે વહી રહ્યા છે.

એવામાં કપરાડા તાલુકાના સિલધા ગામ નજીકથી પસાર થતી અને કોલક નદીને જોડતી ચવાચે નામની નદી તોફાની સ્વરૂપે વહી રહી છે. ચવાચે નદી બે કાંઠે વહેતી થતાં શીલધા ગામ ના કોહડોલ ફળિયાને જોડતા લો લેવલ કોઝવે પુલ પર નદીના પાણી ફરી વળ્યા હતા. જેને કારણે ૭ ફળિયાના લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. કોઝવે પરથી નદીનું પાણી પસાર થતા લોકોએ જીવને જોખમમાં મૂકી કોઝવે પસાર કરવો મજબૂત થયા હતા. જિલ્લામાં આજે પણ વરસાદી માહોલ છવાયો છે. જોકે ગઈકાલની સરખામણીમાં આજે ઓછો વરસાદ છે. જિલ્લામાંથી પસાર થતાં તમામ નદી-નાળાઓ બે કાંઠે વહેવા ની શરૂઆત થઈ છે.



કોરોના કાળમાં આર્યુવેદિક રોપાઓના ઉછેર માટે નગરજનો વિશેષ જાગૃત બન્યા છે. નગરની જુની મહીલા સંસ્થા જયોતિ મહીલા મંડળની બહેનો દ્વારા ઘર આંગણે આર્યુવેદિક રોપાઓની વાવણી કરવામાં આવી હતી. ઈચ વન.. ટ્રી વન.. અને ગ્રીન સીટી ક્લીન સીટી ના કન્સેપ્ટને વેગ આપવા માટે મહીલા મંડળની ૨૫૦ જેટલી બહેનોએ વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરી હતી. જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચ, નીરુબેન નાયક, હર્ષાબા ધાંધલ, જયોતિબેન ઠક્કર, કીન્નરી દવે, મીનાબેન શાહ, આશાબેન સરવૈયા, મંજુલાબેન ભલગામી સહીતના મહીલા અગ્રણીઓ વૃક્ષારોપણના કાર્યક્રમમાં જોડઈને મહીલાઓને પ્રોત્સાહક બળ પુરુ પાડયુ હતુ.

# બસ પાણીમાં ફસાતાં લોકોએ ટ્રેકટરની મદદથી બહાર કાઢી

સુરત, તા.૧૯

સુરત પ્રાંતમાં રાત્રે આઠ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જેના પગલે સાણિયા-હેમાદ ગામ બેટમાં ફેરવાઈ ચુક્યા છે. રસ્તા પર પાંચથી છ ફુટ જેટલા પાણી ભરાઈ ચુક્યા છે. જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ચુક્યું હતું. આ દરમિયાન સણીયા હેમાદ ગામના રસ્તા પરથી પસાર થઈ રહેલી એક બસ બંધ પડી ગઈ હતી. જેથી બસમાં રહેલા ૫૦ મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. સાથે જ પાણીનું સ્તર પણ વધી રહ્યું હતું. મુસાફરો દ્વારા બુમાબુમ કરાતા સ્થાનિક લોકોએ બસને ટ્રેક્ટર સાથે બાંધીને કિનારે ખેંચી હતી.

ટ્રાવેલ્સ ફસાઈ જતા લોકોએ બુમાબુમ કરી હતી. ટ્રાવેલ્સના ડ્રાઈવરે આસપાસના લોકોને મદદ માટે બોલાવાનું શરૂ કર્યું હતું. આશરે ૫ ફૂટથી વધારે પાણીમાં બસ ફસાઈ જતા મુસાફરોનો બચાવ કરાયો હતો. મુસાફરોમાં મહિલાઓ અને નાના બાળકો પણ હતા. સ્થાનિકોએ ટ્રેક્ટરની મદદથી બસને ભારે જહેમત બાદ ટ્રેક્ટરની મદદથી બહાર કાઢી હતી. ગામલોકોને નજીકમાં આવેલા શ્યામ સંગીની મંદિર નજીક બસને પહોંચાડી હતી. આ ઉંચાણવાળી જગ્યા હોવાથી અહીં ઓછુ પાણી હતું.

સાણીયા ગામમાં બસ ફસાઈ તે વિસ્તારમાં આજ સુધી ક્યારે પણ પાણી ભરાતું નહોતું. પાંચ ફુટથી વધારે પાણી ભરાયું હતું. ખાડી પાસે ગેટ મુકવાના બદલે માત્ર પાઈપ લાઈન મુકવામાં આવી છે. જો ફ્લડ ગેટ મુકવામાં આવે તો આ પ્રકારની સ્થિતિ ક્યારે પણ સર્જાય નહી જો કે સત્તાધિશોએ તાપીના શુદ્ધિકરણના નામે ખોટા નિર્ણય કરીને આ વિસ્તારોની મુશ્કેલીઓ વધારી છે. વાલક ખાડીની સ્થિતિ ખુબ જ ખરાબ થઈ રહી છે. સત્તાધિશોના અનઘડ નિર્ણયોના કારણે આ પ્રકારની સ્થિતિનું સર્જન થાય છે.



ગુરૂદ્વારા મણિનગર ખાતે ચાલી રહેલા શીખ ધર્મના મીરી પીરી દિવસની ઉજવણીના સંદર્ભે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના મેયર કિરીટભાઈ પરમાર, ડે. મેયર શ્રીમતી ગીતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશભાઈ બારોટ, દંડક અરૂણભાઈ રાજપૂત, ગુરૂદ્વારા મણિનગરમાં ગુરૂગ્રંથ સાહેબ સમક્ષ આશીર્વાદ લેવા ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી હતી. શીખ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ શ્રીમતી પરમજીત કૌર છાબડા, ગુરૂદ્વારાના સેક્રેટરી પરમવીર સિંઘ સલુજા તથા ગુરૂચરણ સિંઘ, સમૂહ સંગત દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓનું સ્વાગત કર્યુ હતુ.

# પહેલી ઓગસ્ટ સુધી વેપારી કર્મીઓ માટે રસી ફરજિયાત

## ગાંધીનગર સહિત ૮ શહેરોમાં ૨૦ જુલાઈથી ૧ ઓગસ્ટ સુધી રાત્રી કર્ફ્યુ લંબાવાયો, દુકાન રાત્રે ૯ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે

ગાંધીનગર, તા.૧૯

કોરોના વાયરસને કારણે છેલ્લા દોઢ વર્ષથી વેપાર ધંધા ઠપ્પ થયા છે. લોકડાઉન બાદ સરકાર તબક્કાવાર છુટછાટ આપી રહી છે. આ વચ્ચે આજે ફરીથી રાજ્ય સરકારે જાહેરનામું બહાર પાડ્યું છે. જે મુજબ આઠ મહાનગરમાં જે વેપારીઓ અને તેમને ત્યાં કામ કરતા કર્મચારીઓએ ૧ ઓગસ્ટ સુધીમાં કોરોનાની રસીનો પહેલો ડોઝ લેવો ફરજિયાત છે. જો તેમણે રસી નહીં લીધી હોય તો તેમને કામકાજ કરવા દેવામાં આવશે નહીં.

આજ રોજ રાજ્ય સરકાર દ્વારા નવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે જેનો અમલ ૨૦ જુલાઈથી લાગુ થશે. આ જાહેરનામા મુજબ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગરમાં આગામી ૨૦ જુલાઈથી ૧ ઓગસ્ટ સુધી રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યુનો સમય લંબાવવામાં આવ્યો છે. રાત્રિ કર્ફ્યુના સમયગાળા દરમિયાન ફક્ત આવશ્યક સેવાઓ ચાલુ રાખી શકાશે.

આ સાથે દુકાનારો, વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લા, શોપિંગ કોમ્પ્લેક્સ, માર્કેટ યાર્ડ, ગુજરી બજાર, હેટ કટીંગ સલૂન, બ્યુટી પાર્લર તેમજ અન્ય વેપારીઓ પોતાની દુકાન રાત્રે ૯ વાગ્યા સુધી ચાલુ રાખી શકશે. આ સાથે માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલા લોકોએ ૩૧ જુલાઈ સુધીમાં વેક્સિનનો પ્રથમ ડોઝ લેવો પડશે નહીંત તેમની વેપાર ધંધો બંધ કરાવવામાં આવશે.

અન્ય નિયંત્રણોઃ રેસ્ટોરન્ટ રાત્રે ૯ વાગ્યા સુધી ૬૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે, રેસ્ટોરન્ટ્સમાં હોમ ડીલિવરીની સુવિધા રાત્રે ૧૨ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે, જીમ ૬૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે, જાહેર બાગ-બગીચા રાત્રે ૮ વાગ્યા સુધી જાહેરન જનતા માટે ખુલ્લા રહેશે, લગ્ન પ્રસંગમાં મહત્તમ ૧૫૦ વ્યક્તિઓને મંજૂરી રહેશે. લગ્ન માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર નોંધણી કરાવવી પડશે, અંતિમક્રિયા/દફનવિધીમાં મહત્તમ ૪૦ લોકોને મંજૂરી, સામાજિક, ધાર્મિક કાર્યક્રમોમાં મહત્તમ ૨૦૦ વ્યક્તિ એકત્રિત થઈ શકશે, પબ્લિક અને પ્રાઈવેટ બસ ૧૦૦ ટકા ક્ષમતા સાથે જ્યારે એસી બસ ૭૫ ટકા ક્ષમતા સાથે, પ્રેક્ષક વગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, સંકુલમાં રમતગમત ચાલુ રાખી શકાશે, સિનેમા થિયેટરો, ઓડીટોરિયમ, હોલ, મનોરંજનક સ્થળો મહત્તમ ૬૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે, વોટર પાર્ક અને સ્વિમીંગ પુલ ૬૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે,સ્પા સેન્ટરો બંધ રહેશે.

## ડીસાના શાકમાર્કેટ નજીકથી બાઇકની ઉઠાંતરી : પોલીસ દ્વારા સીસીટીવીના ફૂટેજ મેળવી તપાસ

ડીસામાં બાઈક ચોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે તેમા પણ ડોકટર હાઉસ , બેંક તેમજ માર્કેટ જેવા ભરચક વિસ્તારમાંથી તસ્કરો બાઈકની ઉઠાંતરી કરી રહ્યા છે ત્યારે ડીસા ના બગીચા નજીક શાકમાર્કેટના ગેટ નજીક પાર્ક કરેલા પલ્સર બાઈકની ચોરી બાબતે ફરિયાદ નોંધાવા પામી છે.

ડીસાના સંતોષી ગોળીયા ખાતે રહેતા મહેન્દ્રકુમાર ઈશ્વરલાલ માળીએ ગતરોજ પોતાનું બજાજ પલ્સર બાઈક (ન.જી જે ૦૮ બી એ ૯૨૦૬, કિંમત રૂપિયા ૪૦ હજાર) મેઈન શાક માર્કેટના ગેટ બે નજીક પાર્ક કરી માર્કેટમાં કામકાજ અર્થે ગયા હતા અને કામ પતાવી પરત આવતા તેમનું પાર્ક કરેલું બાઈક નજરે ના પડતા તેઓએ આસપાસ તપાસ કરી પણ બાઈક નો પતો લાગેલ નહિ.

# વોટ્સએપ પર ભ્રષ્ટાચારના પુરાવા એસીબીને આપી શકાશે

## ભ્રષ્ટ્રાચારીઓને આંતરવા એસીબી પણ હાઈટેક બની : હવે ફરિયાદી ડિજિટલ પુરાવાઓને પેન ડ્રાઈવ કે પછી સીડી દ્વારા એસીબીની ઓફિસે પહોંચાડી શકશે

ગાંધીનગર, તા.૧૯

ભ્રષ્ટાચારીઓને પકડવા માટે હવે એન્ટી કરપ્શન બ્યૂરો પણ સમય સાથે હાઈટેક બની રહ્યું છે. કોઈપણ ફરિયાદી સરળતાથી પોતાની ફરિયાદ તેમજ પુરાવા પહોંચાડી શકે તે માટે હવે એસીબી દ્વારા વોટ્સએપ નંબર પણ શરુ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, ફરિયાદી ડિજિટલ પુરાવાને પેન ડ્રાઈવ કે પછી સીડી દ્વારા એસીબીની ઓફિસે પહોંચાડી શકશે.

અત્યારસુધી ફરિયાદી રુબરુ મુલાકાત કે પછી ટોલ ફ્રી નંબર દ્વારા એસીબીમાં કોઈ ભ્રષ્ટાચારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી શકતા હતા. જોકે, હવે કોઈપણ સરળતાથી એસીબી સુધી પહોંચી શકે તે માટે વોટ્સએપ નંબર જાહેર કરાયો છે. એસીબીના જણાવ્યા અનુસાર, કોઈપણ ફરિયાદી ભ્રષ્ટાચાર આચરનારા વિરુદ્ધના પુરાવા ૯૦૯૯૧૧૦૫૫ પર મોકલી શકશે. પુરાવા મોકલનારા વ્યક્તિનું નામ પણ ગુપ્ત રાખવામાં આવશે.

જે કોઈ ભ્રષ્ટાચારી વિરુદ્ધ કોઈ જાગૃત નાગરિક ફરિયાદ કરવા માગતો હોય તે એસીબીને તેના ફોટા, પુરાવા તો મોકલી જ શકે છે. તેમજ આવક કરતાં વધુ મિલકત ધરાવતા સરકારી કર્મચારીની પ્રોપર્ટી, વાહનો, કે પછી તેની પાસે જમીન, મકાન સહિતની કોઈપણ વસ્તુ હોય તો તેની માહિતી પણ આપી શકે છે. આ ઉપરાંત, ટોલ ફ્રી ૧૦૬૪ અને એસીબીની અમદાવાદ ઓફિસ ૦૭૯-૨૨૮૬૯૨૨૮ પર ફોન કરીને પણ ફરિયાદ કરી શકાય છે. એસીબીને વોટ્સએપ દ્વારા જે પણ વિગતો પ્રાપ્ત થશે તેની સત્યતા ચકાસ્યા બાદ ફરિયાદ નોંધવામાં આવશે.

આ ઉપરાંત, કોઈપણ વ્યક્તિ પેન ડ્રાઈવ કે સીડી દ્વારા પુરાવા આપવા આવે તો તેની પૂછપરછ પણ નહીં કરવામાં આવે. વોટ્સએપ પર મળતી ફરિયાદો માટે એક ખાસ ટીમની પણ રચના કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, એસીબી દ્વારા ૨૦૨૦માં જ કુલ ૨૦૦થી વધારે સફળ ટ્રેપ કરી હતી, અને ૪૨થી વધુ અપ્રમાણસર મિલકતોના કેસ કરવામાં આવ્યા છે. આ વર્ષમાં પણ અત્યારસુધી ૧૦૦ કેસ થઈ ચૂક્યા છે. એસીબીની તાજેતરની કામગીરી જોઈએ તો લાખો રુપિયા સાથે અમદાવાદ જિલ્લાના એક કોન્સ્ટેબલને પકડવા ઉપરાંત, કેટલાક સિનિયર અધિકારીઓને પણ લાંચ લેતા રંગેહાથ પકડવાના કેસોનો સમાવેશ થાય છે. એસીબી દ્વારા કોઈપણ કેસના મૂળ સુધી પહોંચી શકાય તે માટે સામાન્ય જનતાનો પણ સહકાર મેળવવાના હેતુથી હવે વોટ્સએપનો ઉપયોગ કરવાનું પણ શરુ કરાયું છે.

### અન્ડરપાસનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. જયારે દિવાળી બાદ અન્ડર પાસનુ કામ શરૂ કરી દેવાશે. જો કે અન્ડર પાસ તૈયાર થતા હજુ ઘણો સમય લાગશે. હાલના તબક્કે શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનો નજારો બદલાયો છે. ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર થઈ ગયા બાદ હાલ આ માર્ગ વાહનોની અવરજવરથી ધમધમી રહ્યો છે. જયારે ગ માર્ગ પર ટ્રાફિકને અનુલક્ષી ડાયવર્ઝન અપાયુ છે. આગામી દિવસોમાં ચ માર્ગ પર ટ્રાફિકની અવરજવર માટે ડાયવર્ઝન આપવામાં આવશે. મુખ્યમાર્ગો પર અન્ડર પાસ તૈયાર થયા બાદ માર્ગ સલામતીના પરિબળો વધુ મજબુત બનશે.

### ધબધબાટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વલસાડ, નવસારી, ભરૂચ સહિતના જિલ્લાઓમાં અને આસપાસના પંથકમાં સારો એવો વરસાદ થઈ શકે છે. રાજ્યના ચોમાસાને લઈ હવામાન નિષ્ણાંતોએ અનુમાન કર્યુ છે કે રાજ્યમાં હવેથી બે દિવસ બાદ ફરી ચોમાસુ જામશે. ૨૧ જુલાઈથી ફરી ચોમાસુ સક્રિય થવાના એંધાણ આપ્યા છે. આગામી ૨૨ જુલાઈથી ઉત્તર ગુજરાત સાબરકાંઠા મહેસાણા પાટણ, બનાસકાંઠા સહીત હળવો વરસાદ રહેશે તો મધ્ય ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, આણંદમાં મધ્યમ વરસાદ પડશે.

૨૨ થી ૨૫ જુલાઈ સુધીમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ રહેશે જેમાં દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, આહવા, વલસાડ, નવસારી, ભરૂચ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ રહેશે. બીજી તરફ સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, પોરબંદર, ગીર સોમનાથ, દ્વારકા સહીત ભારે વરસાદ રહેશે. જ્યારે ૨૨ થી ૨૫ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પડે તેવી આગાહી કરવામાં આવી છે. આ તરફ ઉત્તર ગુજરાતમાં પણ વરસાદને લઈને આગાહી કરવામાં આવી છે બીજી તરફ બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ સહિત મધ્ય ગુજરાતમાં પણ વરસાદ ખાબકી શકે છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, આણંદમાં પણ ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. તો સૌરાષ્ટ્રમાં ભાવનગર, અમરેલી, પોરબંદર, ગીર સોમનાથ, દ્વારકામાં વરસાદની આગાહી કરવામાં આવી રહી છે.

### હોબાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારે ખંડન કર્યું. સાથે જ એવું પણ કહ્યું કે, ભારત એક લોકશાહી દેશ છે. અહીં પ્રાઈવસી મૌલિક અધિકાર છે. રિપોર્ટ તદ્દન ખોટો છે.

વિપક્ષી દળોએ સત્ર શરૂ થતા પહેલા જ સ્થગન પ્રસ્તાવ આપી દીધો હતો અને અનેક મુદ્દે ચર્ચા કરવા માગણી કરી હતી. કોરોના મેનેજમેન્ટ, પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવ સહિત અનેક મુદ્દે સંસદમાં ચર્ચા માટે નોટિસ આપવામાં આવી છે. રાજદ દ્વારા સંસદમાં કોરોના સંકટ અંગે ચર્ચા કરવા માગ કરવામાં આવી છે. સાંસદ મનોજ ઝાએ નોટિસ આપીને નોટિસ આપીને કોરોનાથી થયેલા મૃત્યુના આંકડાઓ અંગે ચર્ચા કરવા કહ્યું હતું. સવારે ૧૧:૦૦ કલાકે બંને સદનની કાર્યવાહી શરૂ થઈ હતી. આજે સંસદના મોનસૂન સત્રનો પહેલો દિવસ છે. લોકસભામાં નવા સાંસદોને શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા. ભારે હંગામા વચ્ચે વડાપ્રધાને લોકસભાને સંબોધિત કરી હતી અને અનેક દલિત ભાઈ મંત્રી બન્યા તે ખુશીની વાત છે તેમ કહ્યું હતું. જોકે ભારે હંગામા બાદ રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી.. લોકસભાની કાર્યવાહી પણ સ્થગિત કરવી પડી હતી. લોકસભામાં પોતાના સંબોધન દરમિયાન સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિપક્ષ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, કોંગ્રેસે સદનમાં નવા મંત્રીઓનો પરિચય ન થવા દીધો. ૨૪ વર્ષમાં પહેલી વખત આ જોવા મળ્યું છે અને આજે સદનની પરંપરા તૂટી છે.

સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસની શરૂઆત હંગામા સાથે થઈ છે. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, વિપક્ષી દળો સરકારને ખેડૂત આંદોલન, મોંઘવારી, બેરોજગારી જેવા મુદ્દે ઘેરવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. જોકે વિપક્ષના હુમલાને નિષ્ફળ બનાવવા માટે સરકારે પણ મોટું પ્લાનિંગ કર્યું છે. જોકે સત્રના એક દિવસ પહેલા ઁપેક્ષ્ફજેજ હેકિંગ વિવાદના લીધે ચોમાસુ સત્ર ધમાલિયું રહેશે તે નક્કી થઈ ગયું હતું.

### આરોપ ફગાવતી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અજાણ્યા સૂત્રો દ્વારા અપાયેલા જાણકારીનો કોઈ તથ્યાત્મક આધાર નથી અને રિપોર્ટ વાસ્તવિકતાથી કોસો દૂર જણાય છે. મેલમાં કંપનીના પ્રતિનિધિએ વધુમાં લખ્યું છે કે 'એનએસઓ ગ્રુપ રિપોર્ટમાં રહેલા દરેક દાવાને સંપૂર્ણ રીતે ફગાવે છે. કારણ કે તેનો ન તો કોઈ તથ્યાત્મક આધાર છે, અને ન તો તેની પ્રમાણિકતા માટે કોઈ પણ પ્રકારના દસ્તાવેજનો હવાલો અપાયો છે.

એનએસઓ ના પ્રવક્તાએ કહ્યું કે તેમની સંસ્થાન આ ખોટા રિપોર્ટને બહાર પાડનારા વિરુદ્ધ માનહાનિનો કેસ કરવાનું વિચારી રહ્યું છે. ગ્રુપે એ પણ સ્પષ્ટ કર્યું કે તે પોતાનું સોફ્ટવેર અપરાધ અને આતંકી ગતિવિધિઓને રોકવા માટે ફક્ત એ જ દેશોની સરકારી ગુપ્તચર કંપનીઓને વેચે છે જેમનો એકમાત્ર ઉદ્દેશ્ય ફક્ત લોકોના જીવ બચાવવાનો હોય છે.

વાત જાણે એમ છે કે ફોરબિડેન સ્ટોરિસ ના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે તેમની પાસે રહેલા ડાટા એનએસઓ ના સર્વરથી લીક થયો છે. જ્યારે કંપનીના જણાવ્યાં મુજબ એનએસઓ ના સર્વર પર એવો કોઈ ડાટા હતો જ નહીં. ફોરબિડેન સ્ટોરિસ ના રિપોર્ટને ફગાવવાનું એક મોટું કારણ એ પણ છે કે જે ન્યૂઝ સોર્સના આધાર પર ફોરબિડેન સ્ટોરિસ નો રિપોર્ટ તૈયાર કરાયો છે તે બધો પહેલેથી જ ઈન્ટરનેટ પર હાજર છે. કંપનીએ પોતાના જવાબમાં તેને જ આધાર બનાવતા કહ્યું કે જાસૂસી રિપોર્ટ બનાવવા માટે મીડિયા હાઉસે તે ડાટાને ભ્રામક રીતે રજુ કર્યો.

એ જ પ્રકારે રિપોરટ્માં જે એચએલઆર લોકઅપ સર્વિસિસની વાત કરાઈ છે કે તે ક્યારેય પેગાસસ કે એનએસઓ ગ્રુપની કોઈ પણ પ્રોડકટની સૂચિમાં હતી જ નહીં. જ્યારે એચએલઆર લોકઅપ સર્વિસિસની સેવાઓ કોઈ પણ માટે, ક્યારે પણ અને ગમે ત્યારે ખુલ્લી રીતે ઉપલબ્ધ છે જેનો ઉપયોગ સામાન્ય રીતે કેટલાક દેશોની સરકારો કે ખાનગી કંપનીઓ કરે છે.

એનએસઓ ગ્રુપે કયા દેશોને પોતાનું પેગાસસ સ્પાયવેર વેચ્યું છે અને શું તેમાં ભારત પણ સામેલ છે તે સવાલના જવાબમાં કંપનીના પ્રવક્તાએ કહ્યું કે દેશોની રાષ્ટ્રીય સુરક્ષા અને તેમની સાથે થયેલા કરારના કારણે આવી જાણકારી આપવામાં પૂરેપૂરી સાવધાની વર્તવામાં આવે છે.

### ક્રૂડનું ઉત્પાદન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓગસ્ટથી ડિસેમ્બર સુધીમાં આ દેશો ઉત્પાદન ક્ષમતાને પ્રતિ દિવસ ૪ લાખ બેરલ સુધી લઈ જશે જેથી ૨ મિલિયન બેરલ પ્રતિ દિવસ ઉત્પાદન સુધી પહોંચી શકાય. અથવા તો એમ કહો કે ભારતની દૈનિક જરુરિયાતના ૪૪ ટકા જેટલું પ્રોડક્શન વધારવામાં આવશે. આ નિર્ણય એટલા માટે પણ ફાયદાકારક છે કે આ ગ્રુપની મીટિંગમાં નક્કી થયા મુજબ યુએઈ, ઈરાક અને કુવૈતના પ્રોડક્શન ક્વોટામાં પણ વધારો કરાયો છે. મહત્વનું છે કે આ ત્રણેય એ દેશે છે જેની પાસેથી ભારત પોતાનું મોટાભાગનું ક્રુડ ઓઈલ ખરીદે છે. જેથી આગામી સમયમાં ભારતની ખરીદ કિંમતમાં ઘટાડો આવી શકે છે જેનો ફાયદો સામાન્ય માણસાના ખિસ્સા સુધી પહોંચી શકે છે.

વધુ બેરલના ઉત્પાદનોથી પેટ્રોલ ડીઝલની કિંમતો અને ફુગાવાને કંટ્રોલમાં કરવા સરળ બનશે, જે બંને હાલ રેકોર્ડ સ્તરે વધ્યા છે અને વિપક્ષ તેને લઈને સરકાર પર આક્રમક છે. તેવામાં રાજકીય રીતે આ સોદાથી સરકારને સંસદમાં કેટલીક ટીકાઓનો સામનો કરવામાં મદદ મળશે. જે આજે ચોમાસુ સત્રની શરુઆત થઈ છે. એકવાર ઈંધણની કિંમતોમાં ઘટાડો શરૂ થશે તો તેલના નીચા ભાવ સરકારને પણ નાણાકીય સ્તરે આયોજન કરવાની અને તંગ સ્થિતિને કંટ્રોલમાં કરવાની તક મળશે.

વધતા ક્રૂડના ભાવ સાથે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લાદવામાં આવેલા વધુ ટેક્સના પરિણામે મોટાભાગનાં રાજ્યોમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર રુ. ૧૦૦ અને ડીઝલ પ્રતિ લિટર ૯૦ રુપિયાથી વધુ ચાલી રહ્યો છે તો બીજી તરફ ગ્રીનબેક સામે રૂપિયો પણ તાજેતરમાં નબળો પડ્યો હતો, જેના કારણે પેટ્રોલ પંપના ભાવમાં ખાસ્સો વધારો છેલ્લા કેટલાક મહિનાથી નિયમિત રુપે જોવા મળી રહ્યો છે.

મહત્વનું છે કે ગત વર્ષે કોરોના મહામારી પછી માગ ઘટતાં ઓપેક પ્લસ ગ્રુપ દ્વારા પ્રતિ દિવસ ૧૦ મિલિય બેરલ જેટલું પ્રોડક્શન ઘટાડવામાં આવ્યું હતું. જે દૈનિક વૈશ્વિક વપરાશના અંદાજીત ૧૦ ટકા જેટલું છે. જોકે મહામારીની તિવ્રતામાં ઘટાડા પછી આ પ્રોડક્શન આંશિક રીતે વધારવામાં આવ્યું હતું જોકે માગ વધતા ક્રુડના ભાવમાં ઉછાળો આવ્યો હતો.